# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-06-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## અમદાવાદ-વિમાન દુર્ઘટના DNA નમૂના મૅચિંગ-:

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃતકોના ડીએનએ મેચિંગ માટે સેમ્પલિંગની કામગીરી પૂર્ણતાના આરે છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી 162 મૃતકના DNA નમૂના મૅચ થયા છે. અને 124 મૃતદેહો તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દુઃખદ વિમાન અકસ્માત બાદ મૃતદેહોની ઓળખ કરવા ડીએનએ મેચિંગ માટે સેંપલ કલેક્શનની પ્રક્રિયા વહેલી તકે અને સંવેદનશીલતા સાથે પૂર્ણ કરવા માટે માઇક્રોબાયોલોજિસ્ટની 5 નિષ્ણાત ટીમોની રચના કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------

## જીલ્લામાં વરસાદ:

જીલ્લામાં ચોમાસાના વિધિવત આગમન પહેલા જ વરસાદી માહોલ જામ્યો છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા સર્ક્યુલેશનની અસરથી છેલ્લા 24 કલાકમાં જિલ્લાના 8 તાલુકામાં વરસાદ પડ્યો છે.

આજે સવારથી પૂર્વ કચ્છમાં કંડલા, ગાંધીધામ, રાપર, ભચાઉ અને અંજારમાં વરસાદ વરસ્યાના અહેવાલ છે. તો ભુજ, નખત્રાણા, મુન્દ્રા અને માંડવી તાલુકાનાં ગઢશીશામાં આજે બપોર બાદ ફરી વરસાદી ઝાપટાં શરૂ થયા છે. ભુજના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

હોવાનું જાણવા મળ્યું છે. ભચાઉ તાલુકામાં શિકારપૂર-સૂરજબારી હાઇવે પર ધોધમાર વરસાદના સમાચાર છે.

ગઈ રાત્રે પણ માંડવી, ભુજ, ભચાઉ. સહિતના તાલુકાઓમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદનું આગમન થયું હતું. માંડવી ગઈ રાત્રે જોરદાર વરસાદ પડ્યો હતો તેમ નગરપાલિકાના ભૂપેન્દ્રભાઈ સલાટે આકાશવાણીને જણાવ્યું હતું.

જિલ્લા કંટ્રોલ રૂમ પાસેથી અમને મળેલી વિગતો મુજબ, ગઇકાલે સાંજે અત્યારે સાંજે 6 વાગ્યે પૂરા થતાં 24 કલાકમાં ગાંધીધામમાં સૌથી વધુ 112 મિમી વરસાદ નોંધાયો છે. તો માંડવીમાં 90, મુન્દ્રામાં 51 મિમી, ભુજમાં 37 મિમી, નખત્રાણામાં 76, ભચાઉમાં 64 મિમી, અંજારમાં 63 અને રપરમાં 42 મિમી વરસાદ નોંધાયો છે.

જીલ્લામાં વરસાદના કારણે ઉકળાટ અને ગરમીથી લોકોને રાહત મળી છે. જોકે, કેસર કેરીના પાકને વ્યાપક નુકસાન થયું છે.

હવામાન વિભાગે આગામી 24 કલાકમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

---

## NDRF:

રાજ્યમાં વરસાદની સ્થિતિને લઈને વિવિધ જગ્યાઓ પર રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન દળ-NDRF 5 ટુકડી તૈનાત કરવામાં આવી છે. જે અંતર્ગત રાજકોટ ખાતે 2, ભાવનગર, બોટાદ, કચ્છ અને ગાંધીનગરમાં એક-એક ટુકડી મૂકવામાં  આવી છે.

---

## આંતરાષ્ટ્રીય યોગ દિવસ:

21 મી જૂને ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે કચ્છમાં જિલ્લાકક્ષાની તેમજ તાલુકાકક્ષાની ઉજવણીને લઈને જિલ્લા કલેક્ટર આનંદ પટેલની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠકનું

આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં શ્રી પટેલે કાર્યક્રમોની તૈયારી અંગે સંબંધિત પ્રાંત અધિકારીઓ પાસેથી વિગતો મેળવીને જરૂરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. બેઠક વ્યવસ્થા, યોગા કોચ અને પ્રોટોકોલ મુજબ જ યોગ દિવસની ઉજવણી કરવામાં આવે તેવું સૂચન જિલ્લા કલેક્ટરે કર્યું હતું.

આ વખતે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ આર.ડી.વરસાણી હાઈસ્કૂલ, ભુજ ખાતે યોજવામાં આવશે. જ્યારે તાલુકા કક્ષાએ નખત્રાણામાં ટી.ડી.વેલાણી હાઈસ્કૂલ, માંડવીમાં ચુનીલાલ વેલજી ઉદ્યાન, અંજારમાં આહિર બોર્ડિંગ ગ્રાઉન્ડ, અબડાસામાં ખરવાડા ગ્રાઉન્ડ છાડુરા, લખપતમાં પી.એમ.લીંબાણી સ્કૂલ દયાપર, ગાંધીધામમાં રમત-ગમત સંકુલ, મુન્દ્રામાં અદાણી પબ્લિક સ્કૂલ, ભચાઉમાં પટેલ બોર્ડિંગ અને રાપરમાં સ્વામીનારાયણ ગુરૂકુલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે. એજ રીતે તાલુકામાં પણ તાલુકાકક્ષાના કાર્યક્રમો યોજાશે.

---

## કોરોના સામે સજ્જતા:

જિલ્લામાં કોરોનાના કેસો વધી રહ્યા છે ત્યારે જિલ્લા મથક ભુજ ખાતેની જી.કે. જનરલ હોસ્પિટલ તેને પહોંચી વળવા માટે સજ્જ છે. અદાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સના હેડ ઓફ ડિપાર્ટમેંટ ડો. દેવિકા ભટ્ટે આ અંગે વધુ માહિતી આપી હતી.

(બાઈટ- ડો. દેવિકા ભટ્ટ)

---

## સ્ટાર્ટઅપ પરીષદ:

ગાંધીધામ ખાતે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, એસ.આર.કે. ઇન્સ્ટિટ્યૂટ સાપેડા અને રાજ્ય સરકારના i-Hub, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે અનોખા પ્રકારની સ્ટાર્ટ-અપ પરિષદનું આયોજન કરાયું હતું. કચ્છના ઉદ્યોગક્ષેત્ર માટે નવી દિશા ઊભી કરવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ કોન્ફરન્સમાં વિવિધ ક્ષેત્રોના યુવા સ્ટાર્ટઅપ્સ દ્વારા તેમના પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન i-Hub દ્વારા સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ અને રાજ્ય સરકાર દ્વારા નવનિર્માણ ક્ષેત્રે થઈ રહેલા પ્રયાસોની વિગતો આપવામાં આવી હતી. ગાંધીધામ ચેમ્બર દ્વારા આગામી સમયમાં ખાસ કરીને કૃષિ, લોજિસ્ટિક્સ અને સ્થાનિક નોકરીઓના સર્જન માટે તાલીમ કેમ્પ યોજાશે તેમ જણાવાયું હતું.

---

## માય થેલી અભિયાન:

અંજાર નગરપાલિકા દ્વારા સખી મંડળની બહેનોના સહયોગથી જૂના કપડાંનો સદ ઉપયોગ કરીને વિનામૂલ્યે કાપડની થેલીઓ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્વચ્છ ભારત મિશન તથા શહેરી અને અર્બન લાઈવલીહુડ મિશનના સંયુક્ત ઉપક્રમે આ 'માય થેલી' અભિયાન નગરપાલિકા દ્વારા દર અઠવાડિયાના ગુરૂવાર અને શુક્રવારે થેલીનું વિતરણ કરવામાં આવશે. સખી મંડળની બહેનો દ્વારા લોકોને તેના જૂના કપડાંમાંથી વિનામૂલ્યે થેલીઓ બનાવી આપવામાં આવે છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડી પર્યાવરણ સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો અને સ્થાનિક સખી મંડળની બહેનોના કૌશલ્યને પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.

---